


**પત્રાંક ૨૧૦**

**મુંબઈ, માહ વદ 0)), ૧૯૪૭**

સત્સ્વરૂપને અભેદભાવે નમોનમઃ

અત્ર પરમાનંદ છે. સર્વત્ર પરમાનંદ દર્શિત છે.

શું લખવું? તે તો કંઈ સૂઝતું નથી; કારણ કે દશા જુદી વર્તે છે; તોપણ પ્રસંગ કોઈ સદ્‌વૃત્તિ થાય તેવી વાંચના હશે તો મોકલીશ. અમારા ઉપર તમારી ગમે તેવી ભક્તિ હો, બાકી સર્વ જીવોના અને વિશેષે કરી ધર્મજીવના તો અમે ત્રણે કાળને માટે દાસ જ છીએ.

સર્વએ એટલું જ હાલ તો કરવાનું છે કે જૂનું મૂક્યા વિના તો છૂટકો જ નથી; અને એ મૂકવા યોગ્ય જ છે એમ દઢ કરવું.

માર્ગ સરળ છે, પ્રાપ્તિ દુર્લભ છે.

સાથેના પત્રો વાંચી તેમાં યોગ્ય લાગે તે ઉતારી લઈ મુનિને આપજો. તેમને મારા વતી સ્મૃતિ અને વંદન કરજો. અમે તો સર્વના દાસ છીએ. ત્રિભોવનને જરૂર બોલાવજો.

***

**પત્રાંક ૨૧૧**

મુંબઈ, માહ વદ 0)), ૧૯૪૭

**‘સત્’ એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે, અને એ જ જીવનો મોહ છે.**

‘સત્’ જે કંઈ છે, તે ‘સત્’ જ છે; સરળ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ જેને ભ્રાંતિરૂપ આવરણતમ વર્તે છે તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય ? અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ, પણ તેમાં કોઈ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાળારૂપ હોય; તેમ જ આવરણ તિમિર જેને છે એવાં પ્રાણીની કલ્પનામાંની કોઈ પણ કલ્પના ‘સત્’ જણાતી નથી, અને ‘સત્’ની નજીક સંભવતી નથી. ‘સત્’ છે, તે ભ્રાંતિ નથી, ભ્રાંતિથી કેવળ વ્યતિરિક્ત (જુદું) છે; કલ્પનાથી ‘પર’ (આઘે) છે; માટે જેની પ્રાપ્ત કરવાની ઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો ઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી ‘સત્’ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.

આ જે વચનો લખ્યાં છે, તે સર્વ મુમુક્ષુને પરમ બંધવરૂપ છે, પરમ રક્ષકરૂપ છે; અને એને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમપદને આપે એવાં છે; એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષટ્‌દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે; માટે ફરી ફરીને તેને સંભારજો; વિચારજો; સમજજો; સમજવા પ્રયત્ન કરજો; એને બાધ કરે એવા બીજા પ્રકારોમાં ઉદાસીન રહેજો; એમાં જ વૃત્તિનો લય કરજો. એ તમને અને કોઈ પણ મુમુક્ષુને ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે; એમાં ‘સત્’ જ કહ્યું છે; એ સમજવા માટે ઘણો જ વખત ગાળજો.

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૬૫, વર્ષ–૨૪, જાન્યુઆરી–૨૦૨૦

**અષાઢ વદ ૩, મંગળવાર, તા.૫-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૭૧, પ્રવચન-૨૯**

આ 'યોગસાર' શાસ્ત્ર ચાલે છે. ૭૧ શ્લોક છે. શું કહે છે? **'પુણ્યને (પણ) પાપ જાણે તે જ જ્ઞાની છે.'** પાપને તો પાપ બધા કહે છે. આત્મામાં જે અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના પાપને તો પાપ બધા કહે છે પણ ધર્મી જીવ પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ હોવાને કારણે મારો આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એમ શ્રદ્ધામાં, જ્ઞાનમાં લીધો છે એ કારણે ધર્મી જીવ તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપના જે શુભભાવ થાય છે તેને પણ પાપ માને છે. સમજાણું કાંઈ? આ પુણ્યભાવને પણ ધર્મી પાપ માને છે. કેમકે પુણ્ય છે તે બંધનું કારણ છે. જેમ પાપભાવ બંધનું કારણ છે તેમ પુણ્યભાવ પણ બંધનું જ કારણ છે. બન્ને ઝેર છે, બન્ને આકુળતા છે. આહાહા..! જુઓ!

ધર્મી **'શુભ અને અશુભ બન્ને ભાવોથી વિરક્ત રહે છે,...'** ધર્મી જીવ તેને કહીએ કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપે ભગવાન ભંડાર આત્મા ભર્યો છે, તેની શ્રદ્ધા અને દૃષ્ટિ થવાથી આત્માના સ્વભાવથી વિપરીત જેટલા શુભ કે અશુભભાવ છે, અશુભભાવ જેમ બંધનું કારણ છે તેમ શુભભાવ બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? એકાંત છે. એ.. દેવાનુપ્રિયા! એકાંત છે, કહે છે. જુઓ!

**'કર્મનો ક્ષય કરનાર અને આત્માનો આનંદ આપનાર...'** કર્મ ક્ષયકાર, આત્માનંદદાયક **'એક શુદ્ધોપયોગને જ માન્ય કરે છે.'** આહાહા..! સમજાણું કાંઈ? આત્મા પવિત્ર આનંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. જેવો સિદ્ધ સ્વભાવ, પરમાત્માનો જેવો સિદ્ધ સ્વભાવ છે એવો આત્માનો સ્વભાવ અંદર પૂર્ણ શુદ્ધ છે. તેની દૃષ્ટિ કરીને ધર્માત્મા એક રાગરહિત, પુણ્ય-પાપના ભાવ રહિત નિજ શુદ્ધ સ્વરૂપના શુદ્ધ આચરણને જ હિતકર માને છે. સમજાણું કાંઈ?

એ કર્મક્ષયકારક અને આત્મા આનંદદાયક (છે). પુણ્ય-પાપના ભાવ બંધકારક છે તો ભગવાનઆત્માના શુદ્ધ સ્વરૂપનો ઉપયોગ, શુદ્ધ ઉપયોગ એ કર્મનો ક્ષયકારક છે. પુણ્ય-પાપના ભાવ બંધકારક છે તો પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું શુદ્ધ ઉપયોગરૂપી આચરણવેપાર કર્મક્ષયકારક છે. શુભ અને અશુભ ભાવ દુઃખદાયક છે, દુઃખદાયક છે તો આત્મા આનંદ અને શુદ્ધ ભાવસ્વરૂપ, તેનો શુદ્ધઉપયોગ એ આનંદદાયક છે. ઉપયોગ આનંદદાયક છે. સમજાણું

કાંઈ? ઉપયોગ આનંદદાયક છે. પોતાના આત્મામાં પુણ્ય-પાપથી રહિત શુદ્ધઉપયોગ કરવો (તે આનંદદાયક છે). કેમકે પુણ્ય-પાપના ભાવ બંધકારક છે તો આત્માનો સ્વભાવ, તેની શ્રદ્ધા-જ્ઞાનનો શુદ્ધઉપયોગ તે કર્મક્ષયકારક છે. શુભાશુભ ભાવ દુઃખદાયક છે તો આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ, તેનો અંદર શુદ્ધ વેપાર, શુદ્ધ ઉપયોગ આનંદદાયક છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ આમાં?



મુમુક્ષુ :— બે નામ પડ્યા તો બેના ફળ જુદા ખરાને.

ઉત્તર :— બન્નેના ફળ જુદાં કીધાં ને! એકનું પાપ અને એકનું પુણ્ય, પણ બન્ને બંધન (છે). બન્ને દુઃખરૂપ (છે), એક મંદ આકુળતા અને એક તીવ્ર આકુળતા (સ્વરૂપ છે). એટલો ફેર (છે) પણ બન્ને દુઃખરૂપ (છે).

પછી થોડો ખુલાસો કર્યો છે. **'સમ્યગ્દષ્ટિ અવિરતિ હોવા છતાં પણ...'** ધર્મી જીવ પોતાના શુદ્ધ ચૈતન્યમૂર્તિની જેને રુચિ, દૃષ્ટિ અને પરિણમન છે. હું શુદ્ધ આનંદ છું તેની દ્દષ્ટિ છે. તેની દ્દષ્ટિ પુણ્ય-પાપ ઉપર નથી. તો કહે છે કે, **'ગૃહસ્થ તરીકે ધર્મ, અર્થ, કામનો પુરુષાર્થ સાધવામાં અનુરક્ત રહેવા છતાં પણ બધાય શુભાશુભ કાર્યો ચારિત્ર મોહનીયના ઉદયને આધીને થઈને કરે છે...'** એટલે કે થાય છે, એમ. **'પરંતુ આ સર્વ કાર્યને પોતાના આત્માના હિતરૂપ નથી માનતા...'** ધર્મી જીવને શુભ-અશુભભાવ આવે છે, થાય છે પરંતુ તેમાં પોતાનું હિત માનતા નથી. સમજાણું કાંઈ?

**'તે તો એમ જ માને છે કે નિરંતર આત્માના બગીચામાં રમું,...'** ધર્મીની દૃષ્ટિ તો શુદ્ધ આત્મા ઉપર દૃષ્ટિ છે. આત્મા આનંદ સ્વરૂપ સિદ્ધ સમાન (છે) તેની દ્દષ્ટિ થઈ એવા ધર્મી પોતાના આત્માના આનંદમાં રમણ કરું એમ તેની ભાવના હોય છે. પુણ્ય-પાપભાવ થાય છે પણ તેમાં રહું, ટકું એવી ભાવના હોતી નથી. હું **'વીતરાગતાનું જ સેવન કરું...'** શું કહે છે? જુઓ! આત્મા તો વીતરાગ સ્વરૂપ જ ત્રિકાળ છે, તેમાં એકાગ્ર થઈને હું વીતરાગભાવની સેવા કરું, પુણ્ય-પાપની સેવા ન કરું. પુણ્ય-પાપ થાય છે (પરંતુ તે) સેવા કરવા લાયક, રાખવા લાયક, હિત કરવા લાયક નથી. **'સિદ્ધ ભગવંતોને જ પ્રેમ કરું.'** જુઓ! ભાષા. પોતાના સિદ્ધ સ્વરૂપમાં પ્રેમ કરું. પોતાનું સિદ્ધ સમાન (પદ). 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આત્માનો સિદ્ધ સ્વરૂપ, શુદ્ધ દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે. તેમાં પ્રેમ કરું અને પુણ્ય-પાપમાં પ્રેમ ન કરું એવી દૃષ્ટિ હોય છે.

**'આત્માનો પુરુષાર્થ ઓછો હોવાથી કષાયનો ઉદય સહન કરી શકતા નથી...'** શું કહે છે? કષાયનો ઉદય આવે છે તો પોતાના પુરુષાર્થની મંદતાથી શુભાશુભભાવ થાય છે, શુભ-અશુભભાવ થાય છે પણ એ આત્મવીર્યની ઓછપને લઈને થાય છે. **'ગૃહસ્થને યોગ્ય બધા જ કામ કરે છે પરંતુ તેમાં આસક્ત કે મગ્ન થતા નથી. પૂજાપાઠ, પરોપકાર, દાનાદિ કાર્ય કરીને તે પુણ્યનો બંધ અને સાંસારિક ઇન્દ્રિયસુખ ઈચ્છતા નથી.'** અજ્ઞાની તો પુણ્ય કરીને ઇન્દ્રિયનું સુખ ઈચ્છે છે. પુણ્યનું ફળ મળો, સ્વર્ગ મળો, આ પૈસા—ધૂળ મળો. ધર્મીની દૃષ્ટિ પોતાના શુદ્ધ

આનંદસ્વરૂપ ઉપર છે. પુણ્ય થવા છતાં પુણ્યનો બંધ અને પુણ્યના ફળની ચાહના નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે તો કર્મરહિત દશાના જ ઉત્સાહી અને ઉદ્યમી રહે છે. જો કે શુભભાવોનું ફળ પુણ્યનો બંધ છે.**' શુભભાવ થાય છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, જાત્રાના શુભભાવનું ફળ પુણ્યબંધ છે. '**તો પણ જ્ઞાની તેને પણ પાપ સમાન બંધ જ જાણે છે.**' લ્યો! પોતાનું શુદ્ધ સ્વરૂપ જેનાથી બંધનમાં આવી જાય એવા ભાવને હિતકર કેમ માને? ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપમાં ભંડાર ભર્યો છે એની શુદ્ધતા, એકાકાર પ્રગટ કરીને તેને હિતકર માને. પુણ્ય-પાપના ભાવને હિતકર કેમ માને? દુઃખદાયકને, બંધના કારણને હિતકર કેમ માને? સમજાણું કાંઈ?

'**જ્ઞાની નિર્વાણના પથિક છે...**' ઓ..હો...! જ્ઞાની આત્માના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિવંત, રુચિવંત તો મુક્તિના પથિક છે, બંધના-સંસારના પથિક નથી. સંસારના પંથ લેનારા નથી. પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિને કારણે તે તો મોક્ષના પથિક છે. સ્વરૂપમાં એકાગ્ર થઈને બંધથી છૂટવાના પથિક છે. બંધન કરવાના પથિક નથી. સમજાણું કાંઈ? '**માત્ર નિશ્ચય રત્નત્રય સ્વભાવમય ધર્મને અથવા સ્વાનુભવને જ ઉપાદેય ગ્રહણયોગ્ય માને છે.**' લ્યો! '**પુણ્યને પણ પાપ સમાન જ તે જાણીને છોડાવવા ઈચ્છે છે.**' શુભભાવ આવે છે પણ જેમ પાપ છોડવા લાયક છે તેમ ધર્મી પુણ્યને પણ છોડવા લાયક માને છે. જગતને ભારે કઠણ પડે. ધર્મ કરવો પણ ધર્મ કેમ થાય તેની ખબર નથી.

મુમુક્ષુ :— ત્રીજું હતું જ ક્યાં બે જ વર્ગ હતા.

ઉત્તર :— બે જ વર્ગ હતા. પાપ અને ધર્મ. પુણ્ય ત્રીજું હતું જ કે દિ'? પુણ્ય એ ધર્મ, પાપ એ અધર્મ, બસ!

'સમયસાર'નો દાખલો આપ્યો છે. '**મોક્ષાર્થીએ બધા જ કર્મનો ત્યાગ કરવો જોઈએ.**' જેને આત્માનો પવિત્ર ધર્મ પ્રગટ કરવો છે અને પૂર્ણાનંદ મોક્ષની જેને ભાવના છે તેણે તો સર્વ પુણ્ય-પાપ ભાવ છોડવા લાયક છે. '**સર્વ કર્મનો ત્યાગ આવશ્યક છે તો પછી ત્યાં પુણ્ય પાપની શી વાત છે? એવા જ્ઞાનીમાં સમ્યગ્દર્શન આદિ પોતાના સ્વભાવ સહિત અને કર્મરહિત ભાવમાં તન્મયરૂપ શાંતરસથી પૂર્ણ મોક્ષનું કારણ એવું આત્મજ્ઞાન સ્વયં વિરાજે છે.**' ધર્મીની દૃષ્ટિમાં તો આત્માનું જ્ઞાન છે. આત્માનું જ્ઞાન, સ્વરૂપનું જ્ઞાન. રાગ, પુણ્ય-પાપ એ કંઈ આત્માનું જ્ઞાન નથી. ૭૧ માં (એ કહ્યું), જ્ઞાની પુણ્યને પણ પાપ માને છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો હજી પુણ્યના પણ ઠેકાણા ન હોય અને માને.. ઓ..હો..! ઘણો ધર્મ કર્યો!

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જાન્યુઆરી-૨૦૨૦)નું શુલ્ક ઉપકૃત મુમુક્ષુવૃંદ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

**પહેલાં ચારિત્રદોષ ટાળવાનો તું પ્રયત્ન કરે છે તે કરતાં પહેલાં દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર! દૃષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી અને બહારના ત્યાગ કરી બેસે છે તે મિથ્યાત્વના જ પોષણનું કારણ છે. ૯૯.**

**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૯૯ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૬–૧૧–૧૯૮૨, પ્રવચન નં. ૧૭ (વિષય : માર્ગદર્શન)**

(ગતાંક આગળ...)



ભાઈ! પહેલાં તું બાહ્ય ત્યાગનો અને રાગ—ચારિત્રદોષ ટાળવાનો પ્રયત્ન કરે છે પણ પહેલા દર્શનશુદ્ધિનો પ્રયત્ન કરવો જોઈએ. કોઈ પણ જીવે મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવો હોય તો એણે પહેલા દર્શનશુદ્ધિનો પ્રયત્ન કરવો જોઈએ. શું છે? એમ કહેવા પાછળ મુખ્ય કારણ એ છે કે જીવને તીવ્ર કષાય અને મંદ કષાય વચ્ચે માથાકૂટ ચાલે છે અને એમાં પણ મંદ કષાયની મહત્તા એ આપી દે છે. તીવ્ર કષાયની મહત્તા છોડવા માટે એ મંદ કષાયને મહત્તા આપી દે છે. મંદ કષાયને મહત્તા આપતી વખતે એ ભૂલી જાય છે કે આખરમાં તો હું કષાયને મહત્તા આપું છું. અકષાય સ્વભાવને મહત્તા આપવાનું આખું આમાં રહી જાય છે.

જે શ્રદ્ધાનમાં પ્રથમ જ શ્રદ્ધાન થયા પહેલાં શુદ્ધાત્માને ઓળખવાના કાળમાં અપૂર્વ અકષાય સ્વભાવી આત્માનો અપૂર્વ મહિમા અને મહત્તા આવે છે એ આખો વિષય રહી જાય છે અને કષાયના અંશને, મંદ કષાયના અંશને મહત્તા અપાઈ જાય છે. એટલે આખો માર્ગ બદલાઈ જાય છે અને ઉન્માર્ગે ચાલ્યું જવાય છે એ વસ્તુ આખી ભૂલમાં રહી જાય છે. એ બહુ મોટી ભૂલ છે. સામાન્ય ભૂલ નથી પણ એ મોટી ભૂલ છે. અને એ બાહ્ય ત્યાગ અને મંદ કષાયની મહત્તામાં આખો મનુષ્યભવ હારી જવા જેવું થાય છે. જે મનુષ્યભવમાં માર્ગે ચડવું જોઈએ એ જ ભવ આખો હારી જાય. પછી તો કાંઈ પત્તો લાગે નહીં.

આજે શ્રાવકને નીકળવું સહેલું છે પણ મુનિ થઈ ગયા હોય એને? સમ્યગ્દર્શન ન થયું હોય અને ગૃહસ્થ હોય તો એને આ બાજુ પલટવું, સાચા વિષયને સમજવો અને ગ્રહણ કરવો એ સહેલું છે. પણ જેણે પુરુષાર્થ જ પેલી બાજુ આપી દીધો છે અને ત્યાગ ને મુનિપણું લઈ લીધું છે એને પાછુ વળવું બહુ મુશ્કેલ પડે, ઘણું (મુશ્કેલ પડે). એની અંદર મહેનત પડે છે, વધારે મહેનત પડે છે. એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- માનકષાય નડે.

પૂજ્ય ભાઈશ્રી :- માનકષાય નડે, એણે જે આગ્રહથી એ શુભભાવોને સેવ્યા હોય એ આગ્રહ અંદરથી તોડવો પડે. એ તો જેણે મહેનત કરી હોય એને બધી ખબર પડે કે આમાં કેટલી મહેનત કરવી પડે છે. વધારે ઊંધો ગયો હોય એ વધારે દૂર જાય છે. જેટલો વધારે દૂર ગયો એટલું નજીક આવવા માટે અંતર તો કાપવું જ રહ્યું. હિસાબની વાત છે એ તો.

કહે છે કે, દૃષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી. આ એક બહુ મહત્વપૂર્ણ વિષય છે કે શ્રદ્ધાનની અંદર વિકલ્પનો—રાગનો એક અંશ, અનંતમા ભાગે એક અંશ પણ જ્યાં સુધી રહે ત્યાં સુધી શુદ્ધ શ્રદ્ધાન નથી. બીજી

રીતે અસ્તિથી વિચારીએ તો શુદ્ધ શ્રદ્ધાનનો વિષય એકાંતે પરિપૂર્ણ શુદ્ધાત્મા છે. પરિપૂર્ણ અકષાયસ્વભાવી શુદ્ધ આત્મા છે, જેમાં ત્રણ કાળમાં કષાયની ઝાંય પણ પડતી નથી. કષાય પહોંચતો નથી, કષાયનો પ્રવેશ નથી, કષાયની એના ઉપર છાયા પણ પડતી નથી. ભલે નિગોદમાં ગયો પણ એવો ને એવો રહે છે. એ તો કાલે આપણે બોલ આવી ગયો કે પ્રચુરમાં પ્રચુર અવસ્થામાં કષાય થયો હોય તોપણ શુદ્ધાત્મા શુદ્ધાત્મા જ રહે છે એ શ્રદ્ધાનનો વિષય છે. એવો જે શુદ્ધાત્મા શ્રદ્ધાનનો વિષય ત્યારે થાય છે કે જ્યાં સુધી એને એનું શ્રદ્ધાન રાગના એક અંશને પણ શ્રદ્ધે નહીં ત્યારે.

જ્યાં સુધી થોડો પણ રાગ, મંદ રાગ પણ જે જેને શ્રદ્ધાનમાં ઈષ્ટ છે, (ત્યાં સુધી) તેને શુદ્ધ શ્રદ્ધાન થાય નહીં. એટલે દૃષ્ટિમાં કહો કે શ્રદ્ધાનમાં કહો વિકલ્પનો સમૂળગો મૂળમાંથી ત્યાગ કર્યા વિના, છોડ્યા વિના કોઈ રીતે એને શુદ્ધ શ્રદ્ધાન થાય નહીં અને એ શુદ્ધ શ્રદ્ધાન થયા વિના બહારના ત્યાગ અને કષાયની મંદતા મેં કર્યા છે (એમ જે માને છે), એને એ મિથ્યાત્વનું પોષણ છે. શ્રદ્ધાન તો એને શુદ્ધ થતું નથી પણ જે મિથ્યા શ્રદ્ધાન છે એમાં દૃઢતા થાય છે અને મોટા ભાગે ગૃહીત મિથ્યાત્વમાં ચાલ્યા જાય છે. અગૃહીત તો અનાદિનું છે, એ ગૃહિતમાં ચાલ્યા જાય છે.

જુઓ! અસંજ્ઞી પંચેન્દ્રિયથી માંડીને એકેન્દ્રિય પર્યંતના, અસંજ્ઞી પંચેન્દ્રિય, ચાર ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, બે ઈન્દ્રિય અને એકેન્દ્રિય અને નિગોદીયા બધા જીવો અગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. એ બધા અગૃહીતમાં છે, એને કોઈને ગૃહીત લાગું પડતું નથી. જ્યારે આ જીવ મનુષ્ય થયો, સંજ્ઞી પંચેન્દ્રિય થયો અને ગૃહીત મિથ્યાત્વમાં આવે છે. એને લાભ થવાના સ્થાનમાં, સંજ્ઞી પંચેન્દ્રિયને જ્યાં સમ્યગ્દર્શન થવાનો, લાભ થવાનો અવકાશ છે તેમાં જો એ સમ્યગ્દર્શનનો પ્રયત્ન ન કરે તો એ ઊંધે માર્ગે ગયા વિના રહે નહીં, ગૃહીતમાં ચાલ્યો જાય છે.

એટલે તો 'અનુભવ પ્રકાશ'માં સાધ્ય-સાધકના બોલ લીધા છે એમાં એક એવી વાત લીધી છે કે અગૃહીત સાધક છે અને ગૃહીત સાધ્ય છે. શું કહ્યું ? અગૃહીત મિથ્યાત્વ સાધક છે અને ગૃહીત મિથ્યાત્વ સાધ્ય છે. અગૃહીત તો અનાદિનું છે જ, એ અગૃહીત તો ગ્રહ્યા વિનાનું જ છે. એમાંથી અગૃહીતનો અભાવ કરીને જો સમ્યગ્દર્શનને પ્રાપ્ત ન કરે તો એ ગૃહીત મિથ્યાદર્શનને પ્રાપ્ત કરશે. એ બુદ્ધિપૂર્વક ઉન્માર્ગે જશે, બુદ્ધિપૂર્વક એ અન્ય માર્ગને ગ્રહણ કરશે. એને જ ગૃહીત મિથ્યાદર્શન અથવા અન્યમત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આમ ઉપરટપકે જોવા જઈએ તો ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રને માનતા નથી એટલે ગૃહીત નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું થાય છે? ગૃહીત ત્યાં કેવી રીતે થાય છે? ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રને માને એ તો ચોખ્ખું ગૃહીત છે, પણ એવું નથી કે બહારમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને એટલે બધા જ ગૃહીત નથી. એવું નથી. એમાં ગૃહીત અને અગૃહીત એવા બે ભેદ એમાં પણ પડે છે. એમાં પહેલા તો જે જીવોએ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપને ઓળખ્યા વિના પદ્ધતિ વડે, પરંપરા વડે વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે તે બધા ગૃહીતમાં છે. એને ગૃહીત લાગુ પડે છે.

મુમુક્ષુ :- ઓઘેઓઘે માને છે?

પૂજ્ય ભાઈશ્રી :- ઓઘે માને છે. સ્વરૂપની ઓળખાણ કરતા નથી, એના સ્વરૂપનો વિચાર કરતા નથી કે એ શા માટે વીતરાગ છે? કેવી રીતે વીતરાગ છે? તો એને ગૃહીત લાગુ પડે છે. એક (વાત). એટલે સંપ્રદાયમાં ટકાવારી મૂકી દેજો.

બીજું, તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પછી હવે જ્યારે એ વિચારના વિષયમાં પ્રવેશ્યા કે દેવનું સ્વરૂપ આવું, ગુરુનું સ્વરૂપ આવું, શાસ્ત્રનું સ્વરૂપ આવું. એમાં પછી જે તત્ત્વજ્ઞાનના વિષયમાં પોતાના મતિદોષને લઈને, જ્ઞાનના વિપર્યાસને લઈને અન્યથા તત્ત્વને ગ્રહણ કરે છે—એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અધ્યાસ થાય છે. નવ તત્ત્વ છે ને કુલ? એમાં એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અધ્યાસ થાય છે ત્યારે પણ એને ગૃહીત મિથ્યાદર્શન લાગુ પડે છે. આમ છે. એટલે એમાં એકલા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે તો પણ... કોઈ એમ કહે કે અમે તો વિચાર કર્યો છે કે અઢાર દોષ રહિત વીતરાગ છે તે સર્વજ્ઞદેવ

છે, તે દેવ છે. બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ ગુરુ છે—અભ્યંતર પરિગ્રહ અને બાહ્ય પરિગ્રહના ત્યાગ સહિત નિર્ગ્રંથ મુનિ છે, સાતમે-છઠ્ઠે ગુણસ્થાને ઝુલનારા શુદ્ધાત્મ દશાના સાધક, ઉત્કૃષ્ટ સાધક તે ગુરુ છે. અને એમના નિરૂપેલા સિદ્ધાંતો છે જેમાં, સત્શાસ્ત્રો છે તે સત્શાસ્ત્ર છે. આ તો અમે બરાબર માનીએ છીએ. પણ આવું સ્વીકાર્યા પછી પણ તત્ત્વના વિષયમાં બીજે ક્યાંય ગડબડ થાય તોપણ ત્યાં ગૃહીત મિથ્યાદર્શન લાગુ પડે છે. આમ છે.

મુમુક્ષુ :- એટલે બંધમાર્ગને સંવર માને?

પૂજ્ય ભાઈશ્રી :- બંધમાર્ગને સંવર માને અથવા તો વસ્તુના સ્વરૂપના વિષયમાં અન્યથા માને. હમણાં જ આપણે ત્યાં એક પ્રશ્ન બહુ પેચીદો પ્રશ્ન આત્મના પ્રદેશોના વિષયમાં થયો હતો.

મુમુક્ષુ :- અત્યારે પણ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- તમે તો પરિચીત છો. એની અંદરથી થોડી વાત કાઢવી છે. પ્રશ્ન ગમે તે હોય કે ભાઈ! આત્માના બે પ્રદેશો કે એક પ્રદેશો? દ્રવ્યના પ્રદેશો અને પર્યાયના પ્રદેશો ભિન્ન ભિન્નનો વિષય હતો. આશય ન સમજે અને ખરેખર એવી રીતે બે પ્રદેશો સમજે તો એ ગૃહીતમાં ચાલ્યો જાય છે. કેમકે વસ્તુના સ્વરૂપનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવથી જે નિરૂપણ છે એમાં ભૂલ થઈ. શેમાં ભૂલ થઈ? પદાર્થનું જે નિરૂપણ છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવયુક્ત સ્વચતુષ્ટય જેને કહેવામાં આવે છે, એ સ્વચતુષ્ટયમાં જ એની ભૂલ છે. કેમકે ક્ષેત્ર આવ્યું ને એમાં? દ્રવ્ય, ક્ષેત્ર. ક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશ આવ્યા. ત્યાં એ ગૃહીત મિથ્યાદર્શન થઈ ગયું.

ઓલો વિષય પરમ અધ્યાત્મનો છે. જ્યાં ત્રિકાળીના પ્રદેશો ભિન્ન અને પર્યાયના પ્રદેશો ભિન્ન કહે છે (એ) એકદમ પરમ અધ્યાત્મનો (વિષય છે). એ જે નિરૂપણ છે એ પરમ શુદ્ધ નિશ્ચયનયના વિષયમાં લઈ જાય છે. એને યથાયોગ્ય પ્રકારે અંગીકાર ન કરે અને એ પ્રયાસમાં ન જાય અને એ રીતે એને ન લેવામાં આવે, જે રીતે લેવું જોઈએ તે રીતે ન લેવામાં આવે અને બીજી રીતે લેવાઈ જાય કે પ્રદેશ જ ભિન્ન છે (તો) ગૃહીત મિથ્યાદર્શનમાં ચાલ્યો જાય.

હવે આમાંથી શું નીકળે છે? એક ધ્યાન ખેંચવા જેવી વાત કરું કે આવા તો અનેક પ્રશ્નો છે. આપણા તત્ત્વજ્ઞાનના વિષયના ક્ષેત્રમાં એટલો બધો વિસ્તાર છે કે આવા અનેક પ્રશ્નો છે અને એ પ્રશ્નો જ્યારે સામે આવે, વિચારમાં આવ્યા જ ન હોય એને તો હજી એ દોષ લાગુ પડવાનો સવાલ નથી પણ જ્યારે એ એના ઉદયવશ, એના ક્ષયોપશમની સામે આવે, એના શ્રદ્ધાન-જ્ઞાનની ચકાસણીનો એ વિષય થાય, આ સામે આવે ત્યારે તો પરીક્ષાનો વિષય થાય ને! ત્યારે એણે એટલો આત્માર્થી થઈને એ વિષયમાં ઊંડું ઉતરવું જોઈએ કે એનો પત્તો લેવો જોઈએ, ત્યાં સુધી એને છોડવું જોઈએ નહીં. અને તે પણ તે વિષયના અધિકૃત એવા સાધક જીવો પાસેથી એણે સમાધાન લેવું જોઈએ, એટલું જ નહીં એ સમાધાન એને સ્વયં સ્વતંત્ર રીતે ન બેસે ત્યાં સુધી એણે એનો પીછો છોડવો જોઈએ નહીં. પરમ ભક્તિથી, પરમ આદરથી એ વિષયને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જોકે 'શ્રીમદ્જી' તો આજ્ઞા જ બાંધે છે કે દ્રવ્યાનુયોગ સત્પુરુષના સંયોગમાં પરમ વૈરાગ્ય, દૃઢ વૈરાગ્ય અને દૃઢ ભક્તિભાવે અધ્યયન કરવા યોગ્ય છે, આટલી મર્યાદા બાંધી છે. શું? 'શ્રીમદ્જી'એ તો આ મર્યાદા બાંધી છે કે દ્રવ્યાનુયોગ એમ ને એમ અધ્યયન કરવા યોગ્ય નથી. નહીંતર તું ક્યાં નો ક્યાં ચાલ્યો જઈશ, ગૃહીત મિથ્યાત્વમાં ચાલ્યા જતા વાર લાગશે નહીં.

મુમુક્ષુ :— એમણે લખ્યું ને કે શાસ્ત્રજ્ઞાનથી નીવેડો નથી, અનુભવજ્ઞાનથી નીવેડો છે.

સમાધાન :— અનુભવજ્ઞાનથી નીવેડો છે. પણ દ્રવ્યાનુયોગના વિષયમાં તો આ મર્યાદા બાંધી છે. સત્પુરુષને વચને અધ્યાત્મિક શાસ્ત્ર પણ આત્મજ્ઞાનનો હેતુ થાય છે, પરમાર્થ આત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરુષમાં વર્તે છે. આ છે ... નંબર છે. '**પ્રત્યક્ષ સત્સમાગમમાં ભક્તિ વૈરાગ્યાદિ દૃઢ સાધનસહિત, મુમુક્ષુએ સદ્ગુરુઆજ્ઞાએ દ્રવ્યાનુયોગ વિચારવા યોગ્ય છે.**' બીજી રીતે વિચારવા યોગ્ય નથી, એમ છે.

મુમુક્ષુ :— જે આપે વાત કરી કે જ્યાં સુધી સામે

વાત ન આવી હોય ત્યાં સુધી વાંધો નહીં પણ સામે આવે ત્યારે કોઈ એમ કહે કે અમારે આ બધી ખટપટમાં નથી પડવું તો શું થાય?

સમાધાન :— ખટપટ નથી આ તો વસ્તુનું સ્વરૂપ છે. આ તો વસ્તુનું સ્વરૂપ છે અને એનો નિર્ણય કરવો પડે છે. વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરવો એ પણ જો તને ખટપટ લાગતી હોય તો એ સિવાયનો વિષય ખટપટ વગરનો લાગ્યો? એ સિવાયનો બધો વિષય જ ખટપટવાળો છે.

મુમુક્ષુ :— આ તો અમારે જીણું કાંતણ નથી કરવું, વ્યવહાર તો બરાબર ચાલે છે.

સમાધાન :— જીણું કાંતણ નથી કરવું કેમકે જીણું કાંતણ ખટપટ છે અને જાડું કાંતણ છે એ? એ તો એને પોતાનું હિત સૂઝ્યું નથી. જેને સૂઝ્યું છે એ તો એમ કહે છે... તમને કોઈ એમ કહે કે ભાઈ, તમે બકાલાનો વેપાર કરો છો અને લારી લઈને ફરો છો તો આવો ને મારી હિરાની દુકાને બેસાડું. ઈન્દ્રવદનભાઈ એમ કહે કે આવો 'પંચરત્ન'માં હિરાની દુકાને અને હું એમ કહું કે ના, ના મારે શાકની લારી સારી છે. ભાગ્ય ફૂટી ગયું છે, બીજું કાંઈ છે નહીં. વિશેષ લઈશું...

## તા. ૧૨-૧૨-૧૯૮૨, પરમાગમસાર બોલ-૧૩૪, પ્રવચન નં. ૪૧
## (વિષય : માર્ગદર્શન/પ્રેરણા)

**પહેલા પર્યાયનું લક્ષ છોડાવીને પછી ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડાવ્યું છે. સમજાવવામાં તો ક્રમ પાડ્યા સિવાય શી રીતે સમજાવે? તેથી કહે છે કે, પર્યાયને અંતરમાં વાળ અને સાથે જે ગુણ-ગુણીના ભેદ છે તેને તિરોધાન કરી દે-અદૃશ્ય કરી દે-ઢાંકી દે-એમ કહેવાય છે. વસ્તુ જે દ્રવ્ય છે એટલે કે ચેતન તે દ્રવ્ય ને ચૈતન્ય તે ગુણ એવા ભેદને ઢાંકી દે ને એક અભેદને લક્ષમાં લે. આ તો ત્રણ લોકના નાથની વાણી છે. અનંતકાળમાં જે નથી કર્યું તેની વિધિની આ રીત છે. ૧૩૪.**

આત્માની ઓળખાણ કરીને અનુભવ કરવાની રીત શું છે, વિધિ શું છે એ વિષય સમજાવે છે. 'પહેલા પર્યાયનું લક્ષ છોડાવીને પછી ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડાવ્યું છે.' પર્યાયનું લક્ષ છોડાવ્યું છે એ ઉપરના બોલમાં બીજી લીટીમાં વાત લીધી હતી કે 'જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તેના પર અનાદિનું લક્ષ છે...' એ જ્ઞાનની પર્યાયમાં પણ જે જ્ઞાનમાં જ્ઞેય જણાય છે, રાગાદિ જ્ઞેય અથવા પરજ્ઞેય, તેમાં પરલક્ષ જાય છે અને સ્વભાવ ઉપર લક્ષ જતું નથી. એ તો ઉઘાડનું કહો અથવા જ્ઞેયનું લક્ષ કહો એ બધું પર્યાયલક્ષના કારણે છે.

પર્યાયનું લક્ષ એટલે વર્તમાન અવસ્થા જેવડો હું, જેટલો જ હું, જેવો જ હું, એવો જે માત્ર પર્યાયનો હુંપણે અનુભવ, તેને 'છોડાવીને પછી ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડાવ્યું છે.' શુદ્ધાત્મામાં પણ અભેદ સ્વરૂપમાં જે ગુણભેદો છે એનું પણ લક્ષ છોડાવ્યું છે. એટલે કે ગુણભેદ છે એનું અવલંબન

પણ છોડાવ્યું છે. લક્ષ છે એનું અવલંબન છે. જેનું લક્ષ છે તેનું અવલંબન છે. એમ છે ખરેખર.

એટલે આત્મામાં અનેક ગુણ છે. અનેક ગુણરૂપ વિશિષ્ટતાઓ છે તેનું પણ લક્ષ છોડાવ્યું છે. જુદી જુદી વિશિષ્ટતાઓ, જુદા જુદા ગુણો એ પણ અભેદ અનુભવમાં લક્ષ કરવા યોગ્ય નથી. ગુણભેદો અથવા વિભિન્ન ગુણો વસ્તુના પોતાના સ્વ સ્થાનમાં ભલે હો, ગુણના સ્થાનમાં ગુણ ભલે હો, શક્તિઓ અનેક શક્તિઓપણે ભલે હો, પણ તે શક્તિઓને ભિન્ન ભિન્નપણે એના સ્વરૂપને જોવામાં રોકાવું, ભિન્ન ગુણોના સ્વરૂપને જોવામાં રોકાવું એમાં આખી વસ્તુનું અભેદ અવલંબન આવતું નથી અને એક રાગનો વિકલ્પ ઉત્પન્ન થાય છે, રાગરૂપ વિકલ્પ ઉત્પન્ન થાય છે એવું એક દૂષણ એમાંથી ઊભું થાય છે.

પરપદાર્થના લક્ષે અને પરપદાર્થના અવલંબને રાગ થાય જ, એ તો સમજાવવાનું રહ્યું જ નહીં. અહીંયાં તો જે ગુણ ત્રિકાળ છે એ ગુણનો જુદો ભેદ પડે તોપણ રાગની ઉત્પત્તિ થાય એવી એક કુદરતી પરિસ્થિતિ છે. રાગ ઉત્પન્ન થવાના કારણો જો વિચારવામાં આવે તો મૂળમાં અહીં સુધી એ કારણ લંબાય છે. અનેક પ્રકારના બાહ્ય પદાર્થો અને પાંચ ઇન્દ્રિયોના વિવિધ વિષયોના અવલંબને તો રાગ થાય જ અને તે તો બધા અશુભરાગના પ્રકારમાં છે. ત્યાંથી ચાલીને દયા-દાનના જે વિષયો છે અથવા શુભરાગના જે વિષયો દેવ-ગુરુ અને શાસ્ત્ર છે તે પણ બધા પરપદાર્થના અવલંબને રાગની ઉત્પત્તિ થાય જ. એમાં રાગની ઉત્પત્તિ નહિ થવાનો પ્રશ્ન નથી. તેથી સ્વ આશ્રયે મોક્ષ છે એમ કહ્યું છે. પરાશ્રયે તો ચાર ગતિ છે. પર આશ્રયના ફળમાં તો ચારે ગતિના પરિણામ છે. પછી સામે પરદ્રવ્ય રૂપે સાક્ષાત્ પરમાત્મા હોય તોપણ એમના લક્ષે અને એમના આશ્રયે એનું ફળ—એ આશ્રયનું ફળ ચાર ગતિ માહેની એક ગતિ છે. પછી ભલે દેવ ગતિમાં જાય, મનુષ્ય ગતિમાં જાય, પણ છે એ ચાર ગતિનું કારણ. અને ચારે ગતિને પરમાર્થે દુર્ગતિ કહી છે. અંદરોઅંદર ભલે શુભ અને અશુભના ભેદ છાંટ્યા હોય, પણ ચારેય ગતિને પરમાર્થે દુર્ગતિ કહી છે. કેમકે ચારે ગતિમાં દુઃખ છે. કોઈ ગતિમાં સુખ છે એમ નથી.

દેવગતિમાં જન્મે ત્યારે એને પ્રગટ દુઃખ નથી અનુભવાતું, પણ મરે ત્યારે એને ઘણું દુઃખ અનુભવાય છે. એ તો સંયોગનું અને વિયોગનું કારણ છે. જેમ સંયોગમાં હરખ થાય અને વિયોગમાં દુઃખ થાય એવું કારણ છે. કેમકે ત્યાં તો કુમાર અવસ્થામાં જન્મ છે. મનુષ્ય ને તિર્યંચ ને નારકીની જેમ નથી. પણ સીધી જ કુમાર અવસ્થા છે અને છેક સુધી કુમાર અવસ્થા જ રહે છે. ત્યાં કોઈને બાળકપણું કે જરાપણું ઘડપણ આવતું નથી. સીધુ જ કુમાર અવસ્થામાં ત્યાં ઉત્પન્ન થવું થાય છે. અને એ કાળે કોઈ અશાતા ઊપજતી નથી. ખાલી શૈયા હોય છે, પલંગ હોય છે ત્યાંથી જેમ કોઈ આળસ મરડીને બેઠો થાય એ રીતે એકદમ કુમાર અવસ્થામાં જ હાસ્યની સાથે એનું—જીવનું ત્યાં આવવું થાય છે. વૈક્રિયક શરીર સીધું કુમાર અવસ્થાનું ધારણ કરે છે. અને એનેથી નીચેના પુણ્યવાળા દેવો એ વખતે એનું સ્વાગત કરે છે. એના જે ચાકર જેવા હોય છે, હીન પુણ્યવાળા હોય છે, નોકર જેવા ગણાય છે એવા દેવયોનિના બીજા જીવો એનું સ્વાગત કરે છે. સ્વાગત કરે છે એટલે આપણે કેમ સામૈયું કરે છે, એમ વાજા, નૃત્ય, બીજું ને ત્રીજું એવી બધી ધમાલ ચાલે. એને કાંઈ ખ્યાલ આવે નહિ કે આમાં દુઃખ શું ચીજ છે.

મરણની આકુળતા એને બહુ આકરી છે. કેમકે જન્મતા જ એને.. આ મિથ્યાદૃષ્ટિ દેવોની વાત થાય

છે, જન્મતા જ એણે એટલી બધી ચીકણા રસથી સુખ અને સુખની કલ્પના અને ઉત્સાહની કલ્પનામાં એટલું રાચવું થાય છે કે દેહ છૂટવાના પહેલા છ મહિના જ એને ખ્યાલ આવે છે અને તરત જ એને એનું આર્તધ્યાન શરૂ થઈ જાય છે. કેમકે અહીં સારું ફર્નિચરવાળું ઘર છોડીને જવું ગમે નહિ, ત્યાં એ વૈભવ છોડીને કેમ જાવું ગમે? એને દુર્ગતિ ભગવાને કહી છે.

**'परदव्वाओ दुग्गइ'** પરદ્રવ્યને આશ્રિત દુર્ગતિ થાય છે અને એ પરદ્રવ્યમાં તમામ પરદ્રવ્યનો સમાવેશ છે એમાં કોઈનો અપવાદ નથી. સાક્ષાત્ પરમાત્માનો પણ એમાં અપવાદ નથી. પોતે નથી રાખ્યો. કહ્યું તો ભગવાને ને? જાહેર કર્યું તો ભગવાને, પ્રસિદ્ધ કર્યું તો એમની વાણીમાં. એમણે પોતાનો પણ અપવાદ નથી રાખ્યો. એમ નથી કહ્યું કે મારા સિવાય બીજાનો આશ્રય કરશો તો દુર્ગતિ થશે. એક મારો આશ્રય કરો. 'મામ એકમ્ શરણમ ...'. 'ગીતા'માં આવે છે. એક મારા શરણને તું અંગીકાર કર. અધ્યાત્મમાં તો એમ ઉતારે કે પોતાના સ્વરૂપને તું અંગીકાર કર.

એ તો બધા તમામ પરદ્રવ્યો રાગનું કારણ છે એટલે ચાર ગતિનું કારણ છે, પણ સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનું લક્ષ અને આશ્રય એ રાગનું કારણ છે. આટલો પ્રતિબંધ તો સ્વદ્રવ્યના આશ્રયને વિષે છે તો પરદ્રવ્યના આશ્રય માટે તો કોઈ ચર્ચા કરવાનું સ્થાન રહેતું નથી કે પરદ્રવ્યનો આશ્રય રાગનું કારણ ન થાય.

જ્યારે સ્વદ્રવ્યમાં પણ શરતી આશ્રય છે કે એક અભેદ દ્રવ્યનું અવલંબન એ જ વીતરાગભાવનું કારણ છે. અને એ પદાર્થના પર્યાયભેદો અને ગુણભેદોનું અવલંબન પણ જ્યાં રાગનું જ કારણ છે ત્યાં પછી પરદ્રવ્યની કથા શું કરવી? એની તો કોઈ લાંબી માંડવા જેવી રહેતી નથી. એ વિષય છે અહીંયાં.

મુમુક્ષુ :- પરદ્રવ્યનું લક્ષ રાગ, રાગ એટલે બંધ, બંધ એટલે સંસાર?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વદ્રવ્યમાં પણ સ્વદ્રવ્યના ભેદના લક્ષે રાગ છે. અભેદના લક્ષે રાગ નથી. આટલી શરત છે. અભેદ સ્વદ્રવ્યના લક્ષે અથવા અભેદ સ્વદ્રવ્યના આલંબને વીતરાગભાવ ઉત્પન્ન થાય છે. અને સ્વદ્રવ્યમાં રહેલા પર્યાયભેદો અથવા ગુણભેદો, એ કોઈપણ ભેદના આલંબને અથવા લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે. થયા વિના રહે જ નહિ. એ વસ્તુ વિજ્ઞાન છે.

મુમુક્ષુ :- ગુણભેદનું અવલંબન એટલે...?

પૂજ્ય ભાઈશ્રી :- અવલંબન એટલે શું? કે આવો એક ગુણ મારામાં છે એમ ભેદ પડે છે. આવો એક ગુણ, જ્ઞાન નામનો ગુણ મારામાં છે, સુખ નામનો ગુણ મારામાં છે. જ્ઞાનનું લક્ષણ જુદું, સુખનું લક્ષણ જુદું એવું જે ભેદનું અવલંબન છે એ રાગ અને વિકલ્પને ઉત્પન્ન કરે છે. જ્યારે પદાર્થને ઓળખવાનો પ્રસંગ છે ત્યારે ભલે એવા ભેદવિકલ્પો હો, પણ એ ઓળખવાના સ્ટેજમાં ઓળખાણની વિધિ પૂરી થાય ત્યારે પછી એવા ઓળખવા માટેના જે ભેદવિકલ્પો છે એનું પ્રયોજન નથી, એની આવશ્યકતા નથી.

જ્યારે કિંમતી હાર પહેર્યો હોય ત્યારે અંદર કેટલા નંગ છે અને કેટલી કિંમત છે એના વિચારમાં રોકાય તો આનંદ આવે નહિ. અને આનંદમાં રોકાય તો ઓલો વિચાર ન આવે. આ અનુભવથી એનું પ્રમાણ છે. સો રૂપિયે એક કિલો મીઠાઈ બદામ અને પિસ્તાની બનાવડાવવી હોય. ભાઈ! શું ભાવ છે? ૧૨૦ કિલોનો ભાવ છે. હવે એ જ્યારે ખાવી હોય ત્યારે ખાવાના આનંદમાં એને રહેવું પડે, રહેવું જોઈએ. આમાં કેટલી બદામ વાપરી અને કેટલું ઘી

વાપર્યું છે એના વિચારમાં જાય તો એને આનંદમાં અંતરાય પડે. અભેદના અવલંબને આનંદનો ભોગવટો શક્ય છે. બહારમાં પણ જો એમ છે તો અંદરમાં તો એ પ્રશ્ન રહેતો નથી. આ સીધો અનુભવથી સમજાય એવો વિષય છે.

સ્વદ્રવ્યના આશ્રયે વીતરાગભાવ થાય છે તોપણ એમાં આટલી શરત છે કે સ્વદ્રવ્યના ગુણ-પર્યાયના ભેદો એ માત્ર ઓળખવા સુધી જ ભેદનો ઉપયોગ છે. ઓળખાયા પછી એ ભેદનો ઉપયોગ કાર્યકારી નથી, સાધક નથી પણ બાધક છે. સાધક તો નથી પણ બાધક છે. એટલે સમજાવતી વખતે જ એમ કહે છે કે આત્માના વિષયમાં જ્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન કરાવીએ છીએ ત્યારે પર્યાયનું લક્ષ પહેલા છોડાવીને ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ છોડાવ્યું છે. એ રીતે પ્રથમથી જ સમજાવવામાં આવે છે. કેમકે આ રીત અને વિધિનો વિષય છે ને એટલે.

મુમુક્ષુ :- ગુણ અને સ્વભાવમાં ભેદ શું?

પૂજ્ય ભાઈશ્રી :- ગુણ છે એ આખા અખંડ સ્વભાવનો એક અવયવ છે. સ્વભાવ છે તે અવયવી છે અને ગુણ એનો એક અવયવ છે. સ્વભાવ અનંતગુણવિશિષ્ટ છે અને ગુણ તે એક એક એની વિશેષતાઓ છે. અનંત વિશિષ્ટતાઓ માહેની પ્રત્યેક ગુણ તે એની એક એક વિશિષ્ટતા છે. એમ ગુણ અને ગુણી, એને ગુણી કહે છે, ગુણવાન હોય તેને ગુણી કહે છે. જે બધા ગુણોવાળું છે તે સ્વભાવ ગુણી છે. સ્વભાવ અને સ્વભાવવાન એવી રીતે છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને અવલોકનપૂર્વક અવલંબન આવે છે કે સીધું અવલંબન આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં બધાનું એક સરખું નથી. ઉગ્રતા હોય છે એને સીધું જ આવે છે. કોઈને પહેલા વિકલ્પ ઊપડે છે. 'સોગાનીજી'ની ચર્ચામાં એ વાત લીધી છે કે, આત્માનું ધ્યાન કરવું, ત્યારે પહેલા સોહમ... સોહમ.. સોહમ... એવો એક વિકલ્પ કરવામાં આવે છે. એવા વિકલ્પપૂર્વક ધ્યાન થાય છે. એમાં તો ગુણ-ગુણીભેદની સો અહમ.-તે હું... તે હું.. તે હું... પણ તે અને હું એટલો ભેદ છે એમાં. એ પ્રશ્ન ઉઠાવ્યો છે.

ધ્યાન એટલે એકાગ્રતા. એકાગ્રતા કરવા પહેલા આવો વિકલ્પ થાય. તો કહે છે, એવો મંદ પુરુષાર્થ હોય ત્યારે વિકલ્પ ઊપજે. વિકલ્પનો નિયમ આ છે. મોક્ષમાર્ગી જીવને, સાધક જીવને વિકલ્પનો નિયમ શું છે? કે મોક્ષમાર્ગી જીવ સતતપણે, સહજપણે નિરંતર પોતાના સ્વરૂપના પુરુષાર્થમાં વર્તી જ રહ્યા છે. ક્યારેય એને સ્વરૂપનો પુરુષાર્થ નથી એવું નથી. એ પુરુષાર્થમાં શું છે? કે સ્વરૂપનું અવલંબન છે. સ્વરૂપના મંદ અવલંબનના પુરુષાર્થમાં વિકલ્પની ઉત્પત્તિ થાય છે. તે જ પુરુષાર્થમાં તીવ્રતા આવે છે ત્યારે વિકલ્પનો અભાવ થઈને વીતરાગભાવે અનુભવ થાય છે. એમ વિકલ્પનું અને રાગના અંશનું ઉત્પન્ન થવાનું કારણ મોક્ષમાર્ગી જીવને માત્ર મંદ પુરુષાર્થ છે. પુરુષાર્થની મંદતા એ રાગની ઉત્પત્તિનું કારણ છે. એ જ પુરુષાર્થ તીવ્રતાને ધારણ કરે ત્યારે રાગ ઉત્પન્ન થવો બંધ થઈ જાય છે. રાગ ઉત્પન્ન નથી એટલે રાગનો અનુભવ નથી. પછી હોય એનો અનુભવ હોય ને? ન હોય એના અનુભવનો સવાલ રહેતો નથી. એટલે એમાં વ્યક્તિગત જુદો જુદો વિષય છે.

**'સમજાવવામાં તો ક્રમ પાડ્યા સિવાય શી રીતે સમજાવે?'** જ્યારે સમજાવવું છે ત્યારે તો ક્રમે ક્રમે જે પ્રોસેસ જે પ્રકારે છે એ પ્રોસસને સમજાવતા એના જે તબક્કા છે એ સ્ટેજવાર સમજાવવામાં આવે છે. 'તેથી કહે છે કે, **પર્યાયને અંતરમાં વાળ અને સાથે જે ગુણ-ગુણીના ભેદ છે તેને તિરોધાન કરી દે-અદશ્ય કરી દે-ઢાંકી**

**દે-એમ કહેવાય છે.**' ગુણ પર્યાયનો નાશ નહિ થાય. પર્યાય પર્યાયપણે રહેશે, ગુણ ગુણપણે રહેશે અને એવું જે પ્રત્યેક પર્યાયનું વ્યતિરેકપણું છે-જુદા-જુદાપણું છે એ એનો ભેદ છે. પ્રત્યેક ગુણનું સ્વતંત્ર સ્વરૂપ છે તે તેનો જુદો ભેદ છે. એક ગુણથી બીજા ગુણનો ભેદ છે. એ ભેદ ભેદમાં ભલે રહે પણ તારા જ્ઞાનમાં, શ્રદ્ધાનમાં, અવલંબનમાં એને તું ઢાંકી દે, એમ કહેવું છે. ગૌણ કરી દે, ઢાંકી દે, એનું લક્ષ ન હોવું જોઈએ. એનું જ્ઞાન ભલે રહે પણ એનું લક્ષ ન હોવું જોઈએ. લ્યો! આમ છે.

જ્ઞાન હોવું એક વાત છે, લક્ષ હોવું બીજી વાત છે. લક્ષ તે પણ જ્ઞાનનો જ પર્યાય છે તોપણ લક્ષ વિનાનું જ્ઞાન પણ સંભવિત છે અને લક્ષ સહિતનું જ્ઞાન પણ સંભવિત છે. બે રીતે જ્ઞાન થાય છે. જ્યારે ભગવાન આત્મા અનુભવમાં આવે છે ત્યારે એ આત્માનું (અનુભવનું) લક્ષ નથી. આ ટ્રાફિકમાં લ્યોને. ટ્રાફિકમાં પસાર થાય છે ત્યારે સેંકડો માણસો અને સેંકડો વાહન સામા મળે છે. કેટલી સાયકલો, કેટલી મોટર સાયકલો, કેટલી ગાડીઓ, કેટલા માણસો, ગાડા, લારી સામા મળે છે, પણ લક્ષ નથી. જેને ઝડપથી આગળ નીકળી જવું છે, એ ટ્રાફિકમાંથી પસાર થઈ જવું છે એને જ્ઞાન થાય છે. જો જણાય નહિ તો એક્સિડેન્ટ થયા વિના રહે નહિ. એટલે જણાતું નથી એમ તો કહી શકાશે નહિ. અને છતાં એનું લક્ષ નથી એ વાત નક્કી છે. એને પૂછો કે ઘોઘા દરવાજેથી ખાર દરવાજે પહોંચ્યા પછી કે કેટલા સામા મળ્યા? એ કાંઈ અમારું લક્ષ નહોતું. અમારે તો જલ્દી આ બાજુ આવવુ હતું એટલે એ કોઈ અમારું લક્ષ હતું નહિ. એમ લક્ષ વિનાનું જાણવું થાય છે. જ્ઞાન રહેવું એક વાત છે, લક્ષ રહેવું બીજી વાત છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદોનું જ્ઞાન હોવું એક વાત છે અને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદોનું લક્ષ હોવું તદ્દન બીજી વાત છે. અને એ જીવને આવડે છે પાછું. નહિતર તો એમ પૂછે કે એ લક્ષ કેવી રીતે ઉડાડવું?

અહીંયાં કહ્યું ને? કે એ '**ગુણ-ગુણીના ભેદ છે તેને તિરોધાન કરી દે-...**' લક્ષમાંથી એને ઉડાડી દે એમ કહેવું છે. '**અદશ્ય કરી દે-**' એટલે ઉડાડી તું, એને લક્ષમાંથી ઉડાડી દે. એ કેમ કરવું? એમ પ્રશ્ન કરે તો અસ્થાને પ્રશ્ન છે. એ કરે જ છે, એને આવડે જ છે. જેવી રીતે એ બહારમાં લક્ષ વગર ચાલે છે એમ અહીંયાં પણ એ લક્ષ વગર પરિણમી શકે છે.

મુમુક્ષુ :- જ્ઞાન અનંતનું અને શ્રદ્ધા એકની એમ થયું.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન ગમે તેટલાનું-અનંતનું હોઈ શકે છે. એમાં કાંઈ સવાલ નથી. લક્ષ કરવાની જરૂર નથી. જેનું જેનું જ્ઞાન થાય તેનું લક્ષ કરવું જોઈએ એમ કાંઈ સવાલ નથી. માણસ નથી કહેતા? કે ભાઈ! આપણે બધા મળ્યા એમાં ઘણા માણસો હતા એટલે આપણે મળ્યા હતા ખરા પણ હું ભૂલી ગયો છું કે તમે અને આપણે મળ્યા હતા કે નહિ. અથવા ઓળખાણ આપી હોય અને ભૂલી જાય છે. કેમકે એ વખતે લક્ષ બીજું હોય અને ઉપચારથી મળી લીધું હોય. હા, ઠીક છો. કેમ છો. જય જિનેન્દ્ર! પતી ગયું જાવ. બને છે કે નહિ? લક્ષ વગરની જેટલી ક્રિયા થાય છે એમાં એક તો રસ રહેતો નથી. એ જ્ઞાનની રસવિહિન પ્રક્રિયા છે. પર પદાર્થનું, રાગનું અથવા ગુણભેદનું, પર્યાયભેદનું લક્ષ ન રહે ત્યારે એનો રસ રહે એ પ્રશ્ન પણ રહેતો નથી. સાથે સાથે એનો રસ નથી ઊપજતો. એટલે ભેદનો રસ છે એ પણ એમાં ઊપજતો નથી.

**(૨૩:૦૦ મિનિટ સુધી, પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)**

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૪ C



(ગતાંકથી આગળ..)

પ્રશ્ન :- છેલ્લી એક આશંકા છે આપને પૂછી લઉં. શાસ્ત્ર તો છઠ્ઠે-સાતમે ગુણસ્થાવર્તી મુનિઓએ લખ્યા છે. જ્ઞાની ચોથે ગુણસ્થાને હોય. તો એનાથી તો એ વિશેષ છે શાસ્ત્ર લખનાર. અને એ શાસ્ત્રોમાંથી કહ્યા પ્રમાણે અર્થ કરે અને જ્ઞાનીને ગૌણ રાખે તો એમાં કોઈ અવિનય ગણાય ખરો?

ઉત્તર :- શાસ્ત્રો આચાર્યોએ લખ્યા છે અને ચોથા ગુણસ્થાનવાળા છે એને એ જાતનું પણ મૂળ પ્રયોજનભૂત જ્ઞાન તો એની પાસે છે. પ્રયોજનભૂત જે જ્ઞાન છે અને પોતે જો આ માર્ગને પામ્યો નથી અને શાસ્ત્રોથી સમજી રહ્યો છે તો મૂળ માર્ગને જાણવા માટે અને પ્રયોજનભૂત તત્ત્વ જાણવા માટે એને જ્ઞાનીનો આશ્રય આવ્યા વગર રહેતો નથી. પ્રયોજનભૂત તત્ત્વ ચોથા ગુણસ્થાનવાળાએ સ્વાનુભૂતિનો માર્ગ એણે જાણ્યો છે. મુક્તિનો પંથ જાણ્યો છે એણે. તો એ પોતે પામ્યો નથી તો એને આશ્રય આવ્યા વગર રહેતો નથી. એને શાસ્ત્રનો એટલો આધાર શાસ્ત્રથી એનું મૂળ પ્રયોજનભૂત તત્ત્વ એ અંદરથી જાણી શકતો નથી. એ જાણે તો એની બુદ્ધિથી જાણે છે પણ તો એને આશ્રય આવ્યા વગર રહેતો નથી. પોતાને પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી પામેલાનો આશ્રય આવ્યા વગર રહેતો નથી.

એક અંશ જેણે જાણ્યો છે મુક્તિનો પંથ એમાં ઠેઠ કેવળજ્ઞાન સુધીનો માર્ગ એમાં આવી જાય છે. પછી શાસ્ત્રોના બીજા અર્થ જે ચરણાનુયોગ અને કરણાનુયોગ ને એ બધું એમાં ન આવતું હોય પણ મૂળ પ્રયોજનભૂત તત્ત્વ આખી સાધનાનો માર્ગ એ સમ્યગ્દર્શન જે પામે એમાં આવી જાય છે. ઠેઠ કેવળજ્ઞાન સુધીનો માર્ગ એમાં આવી જાય છે. કેટલાક વ્યવહારના કથનો એમાં એ ન આવે પણ પ્રયોજનભૂત માર્ગ એની પાસે આવી ગયો છે. પોતે જાણતો ન હોય તો એને આશ્રય આવ્યા વગર રહેતો નથી.

પ્રશ્ન :— આપે એક વાત બહુ સરસ કીધી, જો એમ હોય તો પાત્રતા પણ નથી. પોતાથી જે મોટા છે એના માટે જો એને સમજવાનો કે સાંભળવાનો સદ્ભાવ નથી આવતો તો ખરેખર એ પાત્રતામાંથી પણ જાય છે.

ઉત્તર :— જાય છે. એવી જિજ્ઞાસા એને રહેવી જોઈએ.

પ્રશ્ન :— આ તો પોતાને માટે ક્યાંય દોષ રહી જાતો હોય તો થોડું સ્પષ્ટ થાય.

ઉત્તર :— પ્રયોજનભૂત તત્ત્વ જાણવા માટે થઈને એને ભાવના રહેવી જ જોઈએ. શાસ્ત્રમાં ભલે બધું આવી જાય છે. શાસ્ત્રમાં આચાર્યોનું બધું કથન આવી જાય છે. તોપણ એ રહસ્ય ખોલનાર સ્વાનુભૂતિ જેને પ્રગટ થઈ છે એની આગળથી જે રહસ્ય મળે એ પોતાની મેળે તો કાઢવું મુશ્કેલ છે.

'ગુરુદેવ' સ્થાનકવાસીમાં હતા ત્યારે આ બધા ક્યાં જાણતા હતા (કે) સ્વાનુભૂતિ કોને કહેવાય.

હિન્દીમાં ને બધે ઠેકાણે બધું અંદર સ્વાનુભૂતિ થાય એ ક્યાં સમજતા હતા? 'સમયસાર'ને છોડી દેતા હતા. બહારમાં જ બધો ધર્મ માનેલો હતો. આ ક્રિયામાંથી ને આમાંથી ધર્મ થાય. અંદર સ્વાનુભૂતિ થાય અને સહજ ચિદાનંદ આત્મા એ બધો કંટાળો આવતો હતો. બધા હિન્દીમાં પણ. આ સ્થાનકવાસી, દેરાવાસીમાં તો કાંઈ હતું નહિ. પણ 'ગુરુદેવે' કીધું કે અંદર સ્વાનુભૂતિ થાય છે અને અંદર માર્ગ છે. એ માર્ગ બધો એમણે પ્રકાશ કર્યો અંદરથી-સ્વાનુભૂતિથી. શાસ્ત્રો તો બધા હતા પણ કોઈ સમજતું નહોતું. ક્ષયોપશમ જ્ઞાન ઘણાને હતા અને બધા શાસ્ત્રો કંઠાગ્રે કરી ગયા હતા. પણ અંદરથી રહસ્યો તો 'ગુરુદેવે' ખોલ્યા. નિશ્ચય-વ્યવહારની સંધિ તો એમણે કરી. નિશ્ચયનય અને વ્યવહારનય બધા એના પાઠ બોલતા હતા. નિશ્ચય આને કહેવાય, વ્યવહાર આને કહેવાય અને સાત નય આને કહેવાય. એ બધું ગોખી જાતા હતા, ભણી જાતા હતા. એનો મૂળ નિશ્ચય કોને કહેવાય દ્રવ્યને આશ્રયે એનો અર્થ, ભાવાર્થ બધો 'ગુરુદેવે' ખુલ્લો કર્યો છે. આ બધા ગોખી જાતા હતા. ૠજુસૂત્ર આને કહેવાય અને નૈગમનય આને કહેવાય અને બધું એમાં ઘડાનું અને પાણીનું દૃષ્ટાંત આવે એ બધું ગોખી જાતા. એનો અધ્યાત્મ અર્થ બધો 'ગુરુદેવે' ખુલ્લો કર્યો.

સ્વાનુભૂતિમાં આત્મા વિકલ્પ છૂટીને પેલી પાર બિરાજે છે, કોઈ નિર્વિકલ્પ દશા સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. એ જાતની મહિમા કોઈને હતી નહિ. બધું એમ ને એમ હતું. બધો માર્ગ આખો પ્રકાશ કર્યો. કોણ જાણતું હતું? શાસ્ત્રો તો બધા હતા. બધા ધવલ કંઠાગ્રે કર્યા અને તત્ત્વાર્થ સૂત્ર કર્યા અને બધી સંસ્કૃત ટીકા પણ મોઢે હતી કેટલાકને, તો શું? રહસ્ય અંદરથી આવ્યા વગર ક્યાંથી થાય?

પ્રશ્ન :— એ તો મહાન ગુરુદેવોનો અને વર્તમાનમાં આપનો મહાન-મહાન ઉપકાર છે કે આવી રીતે અર્થ અમે સમજી શકીએ છીએ, કાંઈક ભાવ પકડાય છે એ બધો ઉપકાર જ્ઞાનીઓનો જ છે.

ઉત્તર :— એમનો ભાવ ભળીને જે એમની શૈલી આવે, ભાવ આમ આશ્ચર્યથી આવી તો બીજાને અસર થાય. ઓલું બોલવામાત્ર, પાઠમાત્ર શાસ્ત્રમાંથી એમ ને એમ શબ્દ બોલી જાય, આત્મા અને સહજ ચિદાનંદ એમ પાઠ બોલી જાય એ કાંઈ અસર ન કરે. એ તો પાઠ પૂરતો પાઠ રહી જાય. પણ આ તો અંદરથી જે આમ બીજા માણસો ડોલી ઊઠે એવી રીતે જે 'ગુરુદેવ'ની વાણી હતી તે અસર કરી જાય અંતરમાંથી. એ એમનું જોર, નિઃશંકતા અને અપૂર્વતા લાગે એનાથી બીજાને અસર થાય. એની વાણીથી એવી રીતે અસર થાય. ઓલું તો પાઠ તો ઘણા બોલી જાય એમ ને એમ. શાસ્ત્રો તો બધા હતા. 'ગુરુદેવ'ની આટલી વાણી સાંભળી, બધાને કાને પડી એટલે બધા અર્થ કરવા શીખ્યા છે. અને આનો આમ અર્થ થાય, આનો આમ અર્થ થાય. એ શાસ્ત્રમાં બધાની બુદ્ધિ ખૂંચે છે એ 'ગુરુદેવ'ના પ્રતાપથી ખૂંચે છે. શાસ્ત્રમાં બુદ્ધિ ક્યાં ખૂંચતી હતી કોઈની? એ તો 'ગુરુદેવે' આટલું સ્પષ્ટ કર્યું એટલે બધા હવે આ દ્રવ્ય આને કહેવાય, પર્યાય આને કહેવાય, નિશ્ચય આને કહેવાય, વ્યવહાર આને કહેવાય. આનું વ્યવહારનું જોર આવ્યું ને આને નિશ્ચયનું જોર આવ્યું અને આને આમ આવ્યું એ બધું એવું કરવા શીખ્યા છે. એ 'ગુરુદેવ'ને પ્રતાપે. નહિતર કોઈ શાસ્ત્રને ઉકેલી શકતા નહોતા.

બહારના અર્થો કરતા હતા. આ નિમિત્ત આવે તો નિમિત્ત કાંઈક જોઈએને, આ તો કાંઈક જોઈએને, આટલી ક્રિયા જરાક તો જોઈએને એમ ક્યાંક ક્યાંક પડ્યા રહેતા હતા જરા જરામાં. 'ગુરુદેવે' જોરથી

કહ્યું. એમની વાણી આવી તો બધાના આગ્રહો છૂટી ગયા. હવે બધા અર્થો કરવા શીખ્યા એ 'ગુરુદેવ'ને પ્રતાપે. શાસ્ત્રોમાંથી અર્થ એ 'ગુરુદેવ'ના પ્રતાપે કરવા શીખ્યા છે. શાસ્ત્રોના અર્થ તો ગોખવા જેવા અર્થ કરતા હતા બધા. ગોખતા હોય એની જેમ.

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૫ A

...આત્માને ઓળખ્યા વગર ભવનો અભાવ થાતો નથી અને વાસ્તવિક અંદરથી વિકલ્પ છૂટતા નથી. મંદ થાય, કષાય મંદ થાય, શુભભાવ થાય એ બધું થાય. પણ આત્મા ઓળખે તો સાચું થાય. એના માટે સ્વાધ્યાય કરે, વાંચન કરે, વિચાર કરે. આત્મા શું છે એનું ધ્યેય રાખે, જિજ્ઞાસા રાખે તો થાય. આત્માને ઓળખ્યા વગર થાય નહિ. અનંત કાળમાં ઘણું કર્યું છે. મુનિપણું લીધું, બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નથી. ત્યાગ કર્યા, બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નથી. કષાય મંદ કરે અને જિનેન્દ્ર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ બધું કર્યું પણ ભવનો અભાવ થયો નહિ. દેવલોક થયો. ત્યાંથી પાછો સંસાર એમ ને એમ ઊભો રહ્યો. 'ગુરુદેવ' આત્માને ઓળખવાની જ વાત કરતા હતા. આત્માને ઓળખે. આત્મા જાણનારો જ્ઞાયક મહિમાવંત છે, બધું આત્મામાં છે, બહાર ક્યાંય નથી એવો અંતરથી નિર્ણય કરે તો થાય.

પ્રશ્ન :- મને કહેતા કે આટલી ક્રિયા કરીએ છીએ પણ કાંઈ એમાં નથી મળતું.

ઉત્તર :- ક્રિયામાં કાંઈ મળતું નથી. અંતર આત્માને ઓળખે તો થાય.

પ્રશ્ન :- ક્રિયા કરીએ પણ મન બીજે બધે ભટકતું હોય. કારણ કે એ બધા સૂત્રો આવડતા હોય એટલે મોઢે એમ ને એમ બોલી જઈએ.

ઉત્તર :- મન ક્યાંય ફરતું હોય. બહારથી પાઠ બોલે. કાંઈ ભાવ નહિ. અને શુભભાવ કરે એમાં ધ્યાન રાખે તોપણ મંદ કષાય થાય, શુભભાવ થાય એ તો પુણ્ય થાય સામાન્ય પણ એમાં આત્માનું કાંઈ આવે નહિ. આત્મા ઓળખાય નહિ. આત્મા ઓળખવા માટે સદ્ગુરુ શું કહે છે? ગુરુ શું કહે છે? 'ગુરુદેવે' શું કીધું છે એ વિચાર કરે, સાચું સ્વરૂપ સમજે તો આત્મા ઓળખાય.

પ્રશ્ન :- ચંદુભાઈએ વાંચનમાં બહુ સરસ સમજાવ્યું. ... કેમ શાંતિ મળે એને માટે...

ઉત્તર :- ફેરફારો એ તો થયા જ કરે. એને ભૂલી જાવું એક ઉપાય છે. બીજું શું થાય? સંસારમાં તો આવું ચાલ્યા જ કરે. શું થાય? સંસાર તો એવો જ છે. ચોથા કાળમાં પણ બધા આયુષ્ય તો પૂરા થતા હતા. સાગરોપમના આયુષ્ય બધા પૂરા થાય છે. ચક્રવર્તી અને મુનિઓ બધા મુનિ થઈને ચાલીને બધું મનમાંથી કાઢી વૈરાગ્ય ધારણ કરીને ચાલી નીકળતા હતા. આ બધું ભૂલવા જેવું જ છે. અનંત કાળમાં કાંઈક છોડીને પોતે અને પોતાને છોડીને બીજે જાય એવું તો બન્યા જ કરે છે. એ તો કાંઈ નવું નથી. હવે આ મનુષ્યજીવન તો માંડ માંડ મળે છે. એમાં આવો યોગ મળ્યો. આ 'ગુરુદેવ'નો અને

આ બધું સાંભળવાનું બધું મળ્યું તો આ બધું ભૂલી જવા જેવું છે. આવું સરસ સ્થાન ને આ બધું તમને (મળ્યું). આ 'ગુરુદેવ'ની વાણી કેટલી મળી છે! 'ગુરુદેવ'ના લાભ કેટલા મળ્યા. એ બધું સર્વોત્કૃષ્ટ હતું. બાકી તો આ બધું પુણ્યનું હતું. એ પુણ્યના ફેરફારોએ બધા ફેરફાર થાય છે. એ પુણ્ય તો કાંઈ શાશ્વત રહેતા નથી. એ તો ફેરફાર હોય છે. તોપણ એ સારામાં સારું પુણ્ય તો એ કે આ ગુરુ મળ્યા એ પુણ્ય સારામાં સારું.

પ્રશ્ન :- એમણે તો ભાવ પણ કેટલા સારા રાખ્યા.

ઉત્તર :- કેટલા ભાવ સારા રાખતા હતા. તમને આટલી ભાવના છે તો મનમાંથી આ કાઢી નાખવું.

પ્રશ્ન :- .. શાંતિ મળે. મામાની ભક્તિથી આ પ્રમોદ આવી જાય છે. જીવનમાં ખોટ પડવાની બધાને.

ઉત્તર :- શું થાય? એ તો સંસાર એવો જ છે. યાદ આવે પણ ભૂલ્યા વગર છૂટકો નથી.

પ્રશ્ન :- પણ ત્યાં પણ માતાજી લોકોએ એમના માટે બહુ કર્યું. સાયનમાં એક બગીચો છે.

ઉત્તર :- પાછળથી પાછળથી આવતા. એ એમની સાથે લઈને ગયા. આ બધું તો ભૂલવા જેવું છે. શું થાય? તમારે તો જસાણી કુટુંબમાં બધા કેવા હતા. એ બધું ભૂલવું જ પડે છે. એ ભૂલવું પડે છે, શું થાય? કેવું બધું નાનાલાલભાઈ, મોહનભાઈ બધા કેવા હતા.

પ્રશ્ન :- ...

ઉત્તર :- એ બધું જેમ ભૂલવું પડે છે એમ આ બધું ભૂલે જ છૂટકો છે. એ બધા કેવી વ્યવક્તિઓ હતા નાનાલાલભાઈ, મોહનભાઈ, બેચરભાઈ. એ બધું ભૂલવું જ પડે છે, ભૂલ્યા વગર છૂટકો નથી. આ બધું ભૂલવાનું જ છે. એક આપણને આવા 'ગુરુદેવ' મળ્યા અને 'ગુરુદેવ'નો લાભ તમને બધાને કેટલો મળ્યો છે. જસાણી કુટુંબને. 'ગુરુદેવ' ત્યાં ઉતરતા. એ બધો લાભ યાદ કરીને આનંદ કરો. ભૂલ્યા વગર છૂટકો નથી. શું થાય એ તો સંસાર તો એવો જ છે.

પ્રશ્ન :- જયંતીભાઈને તો સંભળાતું નહોતું તોપણ કેટલો રસ હતો!

ઉત્તર :- તોપણ કેટલો રસ હતો. શું થાય? ભૂલ્યા વગર છૂટકો નથી. વૈરાગ્યનું કારણ થાય એવો છે આ સંસાર. આ સંસારમાં આવું છે, જન્મ-મરણ (થયા કરે છે) એમ વિચારીને પોતે આત્માનું કરી લેવા જેવું છે. આ સંસારનું સ્વરૂપ આવું છે. મોટા ચક્રવર્તીઓ ચાલ્યા જાય છે તો આ શું હિસાબમાં? એ ચક્રવર્તીઓ જાતા હશે ત્યારે કેવું હશે? એ ચક્રવર્તીઓ દીક્ષા લઈને ચાલ્યા જાય છે ત્યારે શું થાતું હશે? ચક્રવર્તીઓ જ્યારે જાય ત્યાં આ બધી રિદ્ધિ બધી ચાલી જાય છે એકદમ. એ કેવું થાતું હશે? ચોથા કાળમાં પણ આવું બને તો આ પંચમકાળ છે. ભૂલ્યા વગર છૂટકો જ નથી. એને ચક્રરત્ન બધા પ્રગટ થયા હોય એ બધા ચાલ્યા જાય. એની ઋદ્ધિ જે ચક્રવર્તીને લગતી હોય એ બધી રિદ્ધિ ચાલી જાય. તો એ બધા એના કુટુંબને કેવું થાતું હશે? સંસાર તો આવો જ છે. બધા વૈરાગ્ય ધારણ કરી કરીને ચાલી નીકળે છે. બધું ભૂલવા જેવું જ છે. મનુષ્ય જીવનમાં 'ગુરુદેવ' મળ્યા એ યાદ કરવા જેવું છે.

પ્રશ્ન :- અત્યારે આપનું શરણ છે એ અમારા મહાભાગ્ય છે.

ઉત્તર :- ફેરવ્યા વગર છૂટકો નથી. બસ, 'ગુરુદેવે' જે ધર્મ કીધો છે એ ધર્મ ઉપર જ ચિત્ત લાવી દેવું. ભૂલવા જેવું જ છે બધું. સંસાર તો એવો જ છે. બધા માણસ જાય એટલે એના ગુણો યાદ

આવે. ગુણો યાદ આવે. પણ પછી દુઃખને કરવાથી કાંઈ લાભ થતો નથી. ભૂલ્યા વગર છૂટકો નથી.

પ્રશ્ન :- આપની વાણી સાંભળીને ...

ઉત્તર :- પણ ફેરવ્યા વગર છૂટકો નથી. કાંઈ ઉપાય છે? એનો કોઈ ઉપાય છે? ગમે તેટલું દુઃખ થાય, ગમે તેટલા ગુણો યાદ આવે તો એનો કાંઈ ઉપાય છે? જે વ્યક્તિ જાય છે એ કાંઈ પાછુ તે સ્વરૂપમાં તેવી રીતે કોઈ આવે છે? કોઈ આવતું નથી. માટે રાગને છોડીને વિચાર કરીને ફેરવી નાખવો એ એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. કોઈ ઉપાય નથી. ગમે તેટલું યાદ આવે. જે જાય છે એનો ભવ બીજો થઈ જાય. દેવમાં જાય તો તે માણસ કાંઈ તે સ્વરૂપમાં પાછો આવતો નથી. ચોથા કાળમાં આવે તો દેવો આવે ઉપરથી દેવના રૂપમાં. પણ તે માણસ તે કાંઈ તેવી જ રીતે જેમ હતા તે રૂપે કોઈ આવતું નથી.

## નવીન પ્રકાશન

પૂજ્ય ભાઈશ્રીની ૮૭મી જન્મ જયંતિ પ્રસંગે શ્રી દીપચંદજી કાસલીવાલ દ્વારા રચિત ‘ચિદ્વિલાસ’ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવેલ છે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા ‘સ્વાનુભૂતિદર્શન’ ગ્રંથ તથા તત્ત્વાનુશીલન ગ્રંથ ઉપર થયેલા પ્રવચનોને કમ્પ્યુટરમાં ફિડ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પુસ્તકો મંગાવવા હોય તેમણે નિમ્ન લિખિત નંબર ઉપર વોટ્સ એપ કરવા વિનંતી. શ્રી અતીનભાઈ જૈન, મો. ૭૦૪૩૩૭૦૫૦૬

## પુસ્તક મંગાવવા સંબંધી સૂચના

જે કોઈ મુમુક્ષુ ભાઈ બહેનોને જે કોઈ પુસ્તક મંગાવવા હોય તેમણે નિમ્નલિખિત નંબર ઉપર ફોન તથા વોટ્સ એપ કરવા વિનંતી. અતીનભાઈ જૈન, મો. ૭૦૪૩૩૭૦૫૦૬

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના ચૂંટેલા વચનામૃતો

પરિણામ પોતાનું હોવા છતાં પણ તેને પોતે ખૂદ જ (કર્તા બુદ્ધિથી) પલટાવી શકતો નથી. અને પરિણામમાં કર્તા-કર્મપણાનો ધર્મ છે. તેથી તે તો પલટશે જ. (જ્યાં સુધી) દૃષ્ટિ બહાર ઝૂકી છે, દૃષ્ટિનો પ્રસાર પોતાને છોડીને બહારમાં છે; તો (ત્યાં સુધી) પરિણામ પણ બહાર ઝૂકશે. અને (જો) દૃષ્ટિ પોતાના સ્વભાવ તરફ છે, તો પરિણામ પણ પોતાની તરફ ઝૂકશે. મારે તો પરિણામ પણ પલટાવવું (ફેરફાર કરવો) નથી. હું તો અપરિણામી છું અને પલટવું મારો ધર્મ જ નથી. તે તો પરિણામનો ધર્મ છે. દૃષ્ટિના હિસાબથી તો શુદ્ધ પરિણામ પણ મારાથી જુદા જ છે. જ્ઞાન તેને પોતાનો અંશ જાણી લે છે. (૧૯)

***

હું ખુદ જ વર્તમાનમાં ભગવાન છું. (તેમાં) ભગવાન થવું પણ ક્યાં છે? પોતાના સ્વભાવમાં દૃષ્ટિનો પ્રસાર થતાં, પર્યાય પોતાની તરફ ઝૂકતાં ઝૂકતાં પર્યાયમાં કેવળજ્ઞાનસિદ્ધ દશા આદિ થશે જ. મારે તો તેનાથી પણ પ્રયોજન (દૃષ્ટિ) નથી. (૨૩)

***

વિભાવ તો મારાથી બહુ જ દૂર છે. અહીં તો પરિણામ (શુદ્ધપર્યાય) પણ મારાથી ભિન્ન છે, હું તો અપરિણામી છું. એક સમયના પરિણામની સાથે વહેતો નથી. (૨૬)

***

હું (ત્રિકાળી) પરિણામમાં જતો નથી. (ત્રિકાળી સ્વભાવમાં અહંપણું થતાં) પરિણામ સહજ જ મારી તરફ આવે છે. (૨૯)

***

હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું, કૃતકૃત્ય છું. મારે કાંઈ કરવું-ધરવું છે જ નહિ, એવી દૃષ્ટિ થતાં, પરિણામમાં આનંદનો અંશ પ્રગટ થાય છે, અને વધતાં વધતાં પૂર્ણતા થઈ જાય છે. (૩૦)

***

દૃષ્ટિનું વિષયભૂત દ્રવ્ય એકાંતે કૂટસ્થ જ છે. પર્યાય અપેક્ષાએ પર્યાય એકાંત અનિત્ય જ છે. (-આ સમ્યક્ એકાંત છે.) (૩૨)

***